# પશુ વિજ્ઞાન કેન્દ્ર, ટીઆરટીસી, દે'બારીયા દ્વારા પશુપાલકોને દૂધાળ પશુઓમાં આહાર વ્યવસ્થાપન વિષય પર તાલીમ આપવામા આવી




ઝડપથી વૃદ્ધિ પામતા વાછરડા પાડી તેમજ દુધાળા પશુઓને ફક્ત સુકો/ કે ફક્ત લીલા ચારો આપવાથી પૂરતા પોષકતત્વો મળતા નથીઅસંતુલિત આહાર અને પોષક તત્વોની . પાડીના ધીમા શારીરિક વિકાસ/ ખામી યુકત આહાર જ વાછરડા, પરિપક્વમાં વિલંબ અને મોડા સંર્વધન સંભવિત કરતા ઓછી ઉત્પાદકતા તરફ દોરી જાય છે. પશુઓની તંદુરસ્તી, પ્રજનન ક્ષમતા અને ઉત્પાદકતા જાળવવા સંતુલિત પોષણ મુખ્ય જવાબદાર પરિબળ છે .




પશુ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પશુપાલન વ્યવસાયમાં આહારના મહત્વથી માહિતગાર કરવા સારૂ દેવગઢ બારીયા તાલુકાના ભથવાડા ગામના પશુપાલક મહિલાઓને તારીખ ૩/૧૧/૨૦૨૦ ના રોજ આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, આકૃયુ., દેવગઢ બારીયા ખાતે "દૂધાળા પશુઓમાં આહાર વ્યવસ્થાપન" વિશે પર એક દિવસીય તાલીમ આપવામાં આવી.

ડૉ. જી. જે. પટેલ, યુનિટ અધિકારીશ્રી, ટીઆરટીસી, દે'બારીયાએ જણાવ્યુ કે વિશ્વવ્યાપી કોરોના વાયરસની મહામારીમાં દૂધ અને ઔષધીય દુકાનો ખુલ્લી રહેલી હતી. તેથી દૂધનો વ્યવસાયની અગત્યતાની સાથે પશુપોષણમાં લીલા ઘાસચારાનું મહત્વ અને લીલા ઘાસચારાના ઉત્પાદન માટે રાખવામાં આવતી મુખ્ય બાબતોથી માર્ગદર્શન પુરૂ પાડેલ હતું .






ડૉ. ગુણવંત એન. થોરાત (મદદનીશ પ્રાધ્યાપક), પીવીકેએ પશુઓના નિભાવ કે જાળવણી, દૂધ ઉત્પાદન. શારીરિક વિકાસ અને ગર્ભાવસ્થાનું ધ્યાન રાખી પોષણ તત્વો જરૂરીયાતને અનુલક્ષીને આહારનું વ્યવસ્થાપન કરવું જોઇએ એમ જણાવ્યું. વધુમાં તેઓએ ઘાસચારા માંથી પુરતા પ્રમાણમાં ન મળી શકતા તત્વો પુરા પાડવા માટે ખાણદાણ, મિનરલ મિક્ષ્ચર અને બાયપાસ ફેટની મહત્વથી અને ખવડાવવાની પદ્ધતીથી પશુપાલક બહેનોને માહિતગાર કર્યા.

ડૉ. હર્ષ દેસાઇએ પશુપાલનમાં સાયલેજ અને ડૉ. એકતા પંડ્યા દ્વારા પશુપાલનમાં મહિલાઓની ભાગીદારીથી વાકેફ કર્યા. ડૉ. અનિકેત માકાણીએ શિયાળુ ઘાસચારાનાં પાકોમાં સંકલિત જીવાત નિયંત્રણ વિશે માહિતી પુરી પાડેલ હતી. સમગ્ર તાલીમનું સંચાલન શ્રી. જયેશ એમ. પટેલ, પશુધન નિરીક્ષક, પીવીકે દ્વારા કરવામાં આવેલ હતું.



